GFKC launches Internship Program aimed at Smart Talent Management

# જીએફકેસી દ્વારા સ્માર્ટ ટેલેન્ટ મેનેજમેન્ટના ઉદ્દેશથી ઈન્ટર્નશીપ પ્રોગ્રામનો પ્રારંભ

(કેતનખત્રી) અમદાવાદ : ગ્રીનફિલ્ડ નોલેજ સેન્ટર (જીએફકેસી) દ્વારા જીએફકેસી ઈન્ટર્નશીપ પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો છે, જેનો ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં કૌશલ્ય વિકાસ દ્વારા નોકરી માટેની પાત્રતા વધારવાનો છે. આ પ્રયાસ આઈટીઈ, અમદાવાદ સેન્ટના સહયોગથી પેરેન્ટ કંપનીનું કોર્પોરેટ સામાજીક જવાબદારીના ભાગ તરીકે હાથ ધરવામાં આવ્યો છે.

હાલની પરિસ્થિતિમાં સામાન્ય રીતે ઉદ્યોગો તથા ખાસ કરીને નાના અને મધ્યમ કદના એકમો (SMEs) કુશળ માનવબળની તંગી અનુભવી રહ્યા છે. તો બીજી તરફ નોકરી શોધતા યુવાનોની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે અને એમાંના ઘણા લોકો યોગ્ય નોકરી મેળવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. આ સ્થિતિ માત્ર ગુજરાતમાં જ છે તેવુ નથી પણ દેશના તમામ ભાગોમાં આવી જ હાલત છે.

આ સંજોગોમાં જીએફકેસી દ્વારા આકરા સંશોધન, ચર્ચાઓ, પરામર્શ અને અજમાયશને આધારે એક સ્માર્ટ ટેલેન્ટ મેનેજમેન્ટ પ્રક્રિયા વિકસાવવામાં આવી છે અને જીએફકેસી ઈન્ટર્નશીપ પ્રોગ્રામ એ રીતે ડિઝાઈન કરવામાં આવ્યો છે કે યોગ્ય ઉમેદવાર પસંદ કરી શકાય છે અને સઘન તાલીમ દ્વારા તેનામાં કૌશલ્ય નિર્માણ કરી શકાય તેમ જીએફકેસીના ચેરમેન શ્રી જી. ડી. પટેલે જણાવેલ.(૩૭.૮)